
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

ઉત્તરાયણના આગમનના એંધાણ - મકરસંક્રાંતિને હવે થોડાક જ દિવસો બાકી રહ્યા છે. આ તહેવારની ઉજવણી માટે પણ અત્યારથી જ તૈયારીઓ થતી જોવા મળી રહી છે. બજારોમાં દોરી પીવડાવતા ચરખા જોવા મળી રહ્યા છે. જો કે આ વખતે પતંગ અને દોરીના ભાવ વધુ હોવાથી હાલમાં કોઈ ખાસ ઘરાકી જોવા મળતી નથી.

# આઠ ગામોને અમદાવાદમાં ભેળવવાના વિરોધમાં ધારાસભ્ય પણ જોડાયા

**સાંસદે પણ પત્ર લખ્યો : વિવાદ વધુ વકરતાં સરકાર માટે રાજકીય સંકટ વધ્યુ : ખોરજ ગામે તો ભળવાનો ઈન્કાર ગ્રામસભામાં જ કરી પ્રસ્તાવ મોકલી દીધો છે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના ૮ ગામોને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હદમાં સમાવવામાં ના આવે તેવો પત્ર ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા અમદાવાદ પૂર્વ બેઠકના સાંસદ એચ.એસ. પટેલે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લખેલા પત્રએ રાજકીય વર્તુળોમાં સન્નાટો ઉભો કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ ૮ ગામના સરપંચોએ એક સામુહિક પત્ર લખી કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહને પણ લખી મનપાની સ્થાયી સમિતિના નિર્ણય પર રોક લગાવવામાં આવે તેવી રજુઆત કરી છે.

ગાંધીનગર તાલુકાના ૮ ગામોને અમદાવાદ મનપાની હદમાં સમાવવા માટેનો અમદાવાદ મનપાની સ્થાયી સમિતિએ પ્રસ્તાવ પસાર કરી અને સરકારને મોકલી આપેલ છે. આ પછી હરકતમાં આવેલ સરકારે આ બાબતે પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધિન રહી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પાસે રિપોર્ટ માંગ્યો છે તેમજ આ અધિનિયમની જોગવાઈને આધિન રહી ગ્રામ પંચાયત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રસ્તાવો મોકલી આપવા કહ્યુ હતુ.

અમદાવાદ પૂર્વના સાંસદ એચ.એસ. પટેલે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં તેમને મળેલ લેખિત રજુઆત સંદર્ભે આ રજુઆતને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય થાય તેવી વિનંતી કરી છે. તેમણે આ પત્રની નકલ જિલ્લાના પ્રભારી મંત્રીને પણ મોકલી છે.

બીજી તરફ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે મુખ્યમંત્રીશ્રીને પાઠવેલા પત્રમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે આ ગામોને ભેળવવાથી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગાંધીનગર વિધાનસભામાં રાજકીય રીતે ખુબ મોટુ નુકશાન થાય તેમ છે અને આ ગામોનો વિકાસ અટકી જશે એટલુ જ નહિ પણ મારૂ સ્પષ્ટ માનવુ છે કે આ ગામોને અમદાવાદ કોર્પોરેશનની હદમાં ના ભેળવવા જોઈએ.

દરમ્યાન આજે આ ૮ ગામના સરપંચો ગાંધીનગર ખાતે પણ એકત્ર થયા હતા. મળતી વિગતો પ્રમાણે તેઓએ આ મુદ્દે કાનૂનવિદો સાથે પરામર્શ કરવાનો નિર્ણય લીધો છે.

આમ ગાંધીનગર તાલુકાના ૮ ગામોને અમદાવાદ કોર્પોરેશનની હદમાં ભેળવવાને લઈ ભારે રાજકીય સંકટ સરકાર માટે પણ ઉભુ થયુ છે.

આ મુદ્દે ખોરજ ગામે ગ્રામસભાએ તો ભળવાનો ઈન્કાર ગ્રામસભામાં જ કરી પ્રસ્તાવ મોકલી દીધો છે. જિલ્લા પંચાયત ગાંધીનગરે પણ આ નિર્ણયનો વિરોધ કરતો પ્રસ્તાવ સામાન્યસભામાં પસાર કરેલો છે. આ પહેલાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલે પણ રાજયના મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી વિરોધ નોંધાવ્યો હતો. તેમણે ગોકુળ ગ્રામ યોજનાની નીતિ અને શહેરીકરણ અંગે સરકારની બે મોઢાની વાત અંગે વિરોધ કર્યો હતો.

# નાગરિકતા સંશોધન કાયદાના સમર્થનમાં આજે શહેરમાં રેલીનુ આયોજન

ગાંધીનગર તા ૨૩

રાષ્ટ્ર હિતરક્ષક સમિતિ દ્વારા નાગરિક સુધારા કાયદાના સમર્થનમાં તેમજ આમ નાગરિકોને સી એ એ ના બીલ અંગે સમજણ આપવા માટે આજે બપોરે ૩ કલાકે સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે એક સભા તેમજ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે. રાષ્ટ્રીત માટે એકતાનો સંદેશો આપવાના આશયથી રેલી યોજવામાં આવશે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લા સંઘ સંચાલક હર્ષદ પટેલના જણાંવ્યા મુજબ નાગરિક કાયદા સંશોધન કાયદાના નિર્ણયનુ મોટી સંખ્યામાં સમર્થન કરવા આજે સે-૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે આ રેલી તેમજ સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ દરમિયાન આમ નાગરિકોને પણ આ કાયદા અંગેની સમજણ પુરી પાડવામા આવશે.રાષ્ટ્રીય હીત રક્ષક સમિતિના ૩૦૦ જેટલા આગેવાનો પણ આ તબક્કે હાજર રહેશે. જયારે નગરની ધાર્મિક સ્વૈચ્છિક સંસ્થાઓ સેવાભાવી સંસ્થાઓ વિવિધ મંડળો પ્રબુધ્ધ નાગરિકો વેપારીઓ મહીલા મંડળો સહીત સૌને આ રાષ્ટ્રીય એકતાના સંદેશો આપવાના અભિયાનમાં જોડાવવા માટે આહવાહન કરાયુ છે. રેલીમાં ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ભિખુભાઈ દલસાણીયા, યુવા મોરચાના પ્રમુખ ડૉ. ઋત્વિજ પટેલ પણ ઉપસ્થિત રહેનાર છે.

# ઊંઝા ઉમિયા માતાજીના ધામમાં ડેપોએ ૨૮૦ ટ્રીપો દોડાવી ૧૨ લાખની આવક

**ઊંઝા ઉમિયા માતાજીના મંદિરમાં પાંચ દિવસીય લક્ષચંડી મહાયજ્ઞમાં ગાંધીનગર ડેપોએ ભાવિકોને ખાસ બસ સેવા પુરી પાડી**

ગાંધીનગર તા ૨૩

ઉંઝામાં ઉમિયા માતાજીના લક્ષચંડી યજ્ઞમાં દેશ વિદેશથી દર્શનાર્થીઓ આવ્યા હતા. જયારે આ લાખો ભાવિકો માટે ધાર્મિક મહોત્સવમાં આનુસંગિક વ્યવસ્થાઓ પણ ઉભી કરવામાં આવી હતી. ગાંધીનગર ડેપો દ્વારા પણ આ પાંચ દિવસ દરમિયાન ડેપોએ ૨૮૦ જેટલી ટ્રીપો દોડાવી રૂ ૧૨ લાખની આવક મેળવી છે.

ઉંઝામાં ઉમિયા માતાજીના લક્ષચંડી યજ્ઞમાં લાખો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. જયારે આ ધાર્મિક મહોત્સવમાં દેશ વિદેશમાંથી ભાવિકોનુ મહેરામણ ઉમટયુ હતુ. ઉમિયા માતાના દર્શન માટે જનારા તમામ ભાવિકોને ધ્યાને લઈ ૨૨ હજર જેટલા સ્વયં સેવક ભાઈ બહેનો ખડેપગે હાજર રહ્યા હતા. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પણ પોલીસ જવાનો ખડેપગે તૈનાત રહ્યા હતા. પાંચ દિવસીય લક્ષ્યચંડી યજ્ઞનુ સમાપન થઈ ગયુ છે. જયારે પાંચ દિવસ દરમિયાન લાખો દર્શનાર્થીઓ દર્શન અર્થે આવ્યા હતા. ભાવિકોની સાથે જાણીતા ઉદ્યોગપતિઓ પણ દર્શન માટે આવ્યા હતા. દેશ વિદેશમાંથી આવેલા ભાવિકો માટે આનુસંગિક વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર અમદાવાદ સહીતના વિસ્તારમાંથી આવતા ભાવિકોને અનુલક્ષીને પણ ખાસ બસ સેવાનુ પણ આયોજન કરાયુ હતુ. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ આ ધાર્મિક કાર્યક્રમને અનુલક્ષી તા ૧૮ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન ૨૮૦ જેટલી ટ્રીપો દોડાવામાં આવી હતી. જયારે આ ખાસ એસ ટી બસ સેવાના લીધે ગાંધીનગર ડેપોને અંદાજિત રૂ ૧૨ લાખની વધારાની આવક થઈ હતી.

# આરોગ્ય કર્મચારી મહાસંઘ ૨૬મીએ ગાંધીનગરમાં મહારેલી યોજશે

ગાંધીનગર, તા. ૨૩

રાજયના આરોગ્ય કર્મયોગીઓ દ્વારા આગામી ૨૬મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર ખાતે મહારેલીનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. રાજ્યભરમાંથી આરોગ્ય કર્મયોગીઓ ગાંધીનગર આવશે.

છેલ્લા સાત દિવસથી અચોક્કસ મુદતની હડતાલ પર રહેલ કર્મચારી મહાસંઘના આગેવાનોની મળેલી બેઠકમાં ગાંધીનગર ખાતે મહારેલી યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ છતાંય સરકાર દ્વારા જો યોગ્ય નિર્ણય સકારાત્મક વલણ સાથે નહિ લેવાય તો આંદોલનને ઉગ્ર બનાવવા અંગે નિર્ણય લેવામાં આવશે.

અભી નહિ તો કભી નહિ ના નારા સાથે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરેલા આ કર્મચારીઓ સાથે મંત્રણાઓ સરકાર દ્વારા હાથ ધરવામાં આવી હતી પરંતુ લેખિત ખાત્રી મહાસંઘ દ્વારા માંગવામાં આવતાં આ મંત્રણાઓ ભાંગી પડી હતી. આરોગ્ય કર્મયોગીઓની હડતાલની અસર આરોગ્યના મહત્વાકાંક્ષી પ્રોગ્રામ શાળા-આરોગ્ય ચકાસણી, મમતા દિવસની ઉજવણી, રસીકરણ સહિતની કામગીરી લગભગ ઠપ્પ થઈ જવા પામી છે. આ હડતાલની સાથે સાથે નો રિપોર્ટીંગ એલાનને કારણે ક્યાં શુ સ્થિતિ છે તેમજ ઈ.ટેકો જેવી કામગીરી પણ અટવાઈ જવા પામી છે. આ આંદોલનને કારણે પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત મા કાર્ડની સેવાઓ પર પણ વિપરીત અસરો પડી રહી છે.

સરકારી દવાખાનાઓમાં લગભગ સેવાઓ ઠપ્પ થઈ જવા પામી છે.

# પાક વળતર મામલે સમયમર્યાદા વધારવા વિચારણા

**રાજ્યમાં અત્યાર સુધી ૨૩ લાખ ખેડૂતોના રજિસ્ટ્રેશન હજુ પણ ૩૩ લાખ જેટલા ખેડૂતોના રજિસ્ટ્રેશન બાકી છે**

ગાંધીનગર, તા.૨૩

રાજયમાં કમોસમી વરસાદને લઈને સરકાર દ્વારા પાક વળતર આપવાની જાહેરાત કરાઈ હતી. અત્યાર સુધી ૨૩ લાખ ખેડૂતોએ વળતર મેળવવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યા છે. જો કે, હજુ રાજયમાં કુલ ૩૩ લાખ જેટલા ખેડૂતોના પાક વળતર મામલે ઓનલાઈન રજિસ્ટ્રેશન અને અરજી બાકી છે, તેથી જ સરકાર દ્વારા ઓનલાઈન અરજીની સમય મર્યાદામાં વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે, ઓનલાઈન રજીસ્ટ્રેશનને હજુ સાત દિવસ બાકી છે. આગામી દિવસોમાં હજુ પણ પાંચ લાખ ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવે તેવી શક્યતા છે. રજીસ્ટ્રેશન ન કરાવેલા ખેડૂતોને સહાય નહી મળે તેવી કૃષિમંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ખેડૂતો માટે ૧૫૦ કરોડ રૂપિયાની સહાયની જોગવાઈ કરવામાં આવી છે. પિયત વાળી ખેતીમાં ૧૩૫૦૦ રૂપિયાનું વળતર ચુકવાશે જ્યારે બિનપિયત વાળી ખેતીમાં ૬૫૦૦ રૂપિયાનું વળતર ચુકવવામાં આવશે. એસડીઆરએફના ધારા ધોરણ મુજબ વીમો ન લીધેલા ખેડુતોને રકમ ચુકવાશે. વીમો નથી ઉતાર્યો તે ખેડુતો પણ નુકસાનની ભરપાઈ કરાશે. ખેડૂતે ૭૨ કલાકમાં આ અંગેની ફરિયાદ અરજી કરવાની હશે. કૃષિ વિભાગના અધિકારી પાક નુકસાન અંગે સર્વે કરશે. પાકની નુકસાની અંગેની ફરિયાદ ૧૦ દિવસમા સર્વે કરાશે. સર્વે થયાના ૧૦ દિવસમાં નુકસાનના પૈસા ચુકવાશે.

# તીડનું ટોળું ગાંધીનગર સુધી ત્રાટકી શકે તેવી ભારે દહેશત

**તીડનું ટોળું ૧૫૦ કિમી સુધી ગુજરાતમાં ઘૂસ્યુ : બનાસકાંઠા, પાટણ બાદ મહેસાણામાં તીડના આક્રમણથી એરંડા, રાયડો, કપાસ અને ઘઉં, સહિતના પાકને નુકસાન**

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં તીડનું આક્રમણ બહુ ખતરજનક અને ચિંતાજનક હદે વધી રહ્યું છે. ખાસ કરીને બનાસકાંઠાના વાવથી ૧૦ દિવસ પહેલા ઘૂસેલું કરોડો તીડનું ટોળું ધીમે-ધીમે પાટણ થઈને મહેસાણાના સતલાસણા સુધી પહોંચી ગયું છે. એટલે કે, તીડનું આક્રમણ ૧૫૦ કિમી સુધી આવી ગયું છે. હજુ તીડના આક્રમણ પર અંકુશ મૂકવામાં નહીં આવે તો માત્ર ૧૦૦ કિમી દૂર ગાંધીનગર સુધી તીડનું ટોળું પહોંચી શકે તેવી દહેશત હોઈ ખેડૂતોની સાથે સાથે હવે સરકારી તંત્ર પણ દોડતુ થઈ ગયુ છે. રાજસ્થાનના ભાટડીથી શરૂ થયેલું તીડનું આક્રમણ ગુજરાતના ત્રણ જિલ્લા, બનાસકાંઠા, પાટણ અને મહેસાણાના અનેક ગામોના લાખો હેક્ટર ખેતીને નુકસાન કરીને

● અનુસંધાન પાન-૭ પર

# મોરના પી.એમ. રીપોર્ટમાં ઘઉંના દાણાં નિકળ્યા

**મોરના વિસેરા એફએસએલમાં મોકલ્યા : ઘઉંના પાકમાં ઉધઇની દવા છાંટી હોવાનુ પણ ધ્યાને આવ્યુ : આ વિસ્તારના ખેડુતો સાથે વનતંત્રના અધિકારીઓ સભા કરશે : દવાવાળા દાંણા તેમજ બિયારણ છુટા નહીં નાખવા પણ તાકીદ**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર નજીક વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર ઘઉંના દાણા ખાવાથી ઝેરી અસર થવાના લીધે ૧૦ મોર સહીત ૧૩ પક્ષીઓના મોત નિપજવાની ઘટના સામે આવ્યા બાદ વનતંત્રએ ઉંડાણપુર્વક તપાસ હાથ ધરી છે. મોતના મૃતદેહનુ પી એમ કરાયા બાદ ઘઉંના દાણા ખાધા હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે. જયારે મોરના વિસેરા અમદાવાદ એફ એસ એલમાં મોકલી દેવાયા છે. આ માટે અસરગ્રસ્ત વિસ્તારને ધ્યાને લઈ ખેડુતોને જાગૃત કરવા માટે સભા પણ યોજાશે. જયારે ખેતરમાં દવાવાળા દાણા તેમજ બિયારણ છુટા નહીં નાખવા પણ તાકીદ કરાશે. અસરગ્રસ્ત વિસ્તારના સરપંચ સાથે ખાસ સભામાં પણ ખેડુતોને જાગૃત કરવામાં આવશે.

વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર એક ખેતરમાં ગઈકાલે ૧૦ જેટલા મોર મરેલી હાલતમાં મળી આવતા વનતંત્ર દોડતુ થઈ ગયુ હતુ. ખેતરમાં ઘઉંના દાણા ખાવાથી મોર સહીત અન્ય ત્રણ પક્ષીઓને ફુડપોઈઝનીંગની ગંભીર અસર થઈ હતી જેના લીધે આ ૧૩ પક્ષીઓના મોત નિપજયા હતા. જયારે અન્ય ૧૮ મોર પણ આ અસર હેઠળ આવતા સ્થળ પર વેટરનરી ડોકટરે સારવાર આપી મોરને બચાવી લીધા હતા. પરંતુ આ ૧૦ મોરનુ મોત નિપજયુ હતુ. જયારે મૃત મોરના મૃતદેહનુ પી એમ કરવાની વિધિ પણ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે મોરે ઘઉંના દાણા ખાધા હોવાની વિગત પણ સામે આવી છે. વનતંત્રએ મોરના વિશેરા અમદાવાદ એફ એસ એલમાં મોકલી આપવામાં આવ્યા છે. જયારે એફ એસ એલના રીપોર્ટ બાદ મોરના મૃત્યુ અંગે વધુ વિગતો ધ્યાને આવશે. વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર સ્થિત એક ખેતરમાં મોરના મૃતદેહ મળી આવ્યા બાદ વનતંત્રએ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. જયારે ભાવિ સમયમાં આ પ્રકારની ઘટનાઓ બનતી અટકાવવા માટે



પણ વનતંત્ર દ્વારા આ વિસ્તારના ખેડુતોને સજાગ કરવા માટે કાર્યક્રમો હાથ ધરાશે.

વનતંત્ર દ્વારા વાવોલ પુન્દ્રાસણ ગામના સરપંચ, ખેડુતો તેમજ ગ્રામજનો સાથે આગામી દિવસોમાં એક સભાનુ આયોજન પણ કરવામાં આવશે. રેન્જ ફોરેસ્ટ ઓફિસર સહીત વનતંત્રના અધિકારીઓ આ જાહેરસભામાં હાજરી આપી ખેડુતોને જરૂર સમજણ અને માર્ગદર્શન આપી જાગૃત કરશે.

## બેસણું



જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે મારા પિતાશ્રી
**સ્વ. જયંતિલાલ મગનલાલ સરીયા (ઠાકરડાવાળા)**
તા.૨૨-૧૨-૨૦૧૯, રવિવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતના આત્માને જિનેન્દ્ર ભગવાન શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના.
સદ્ગતનું બેસણું તા. ૨૪-૧૨-૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : દિગંબર જૈન સમાજ ભવન, નવા એમ.એલ.એ. ક્વાર્ટસની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો. ૯૪૨૬૫ ૬૨૪૦૫

પરિવારજનો :-
મધુકાન્તા જયંતીલાલ સરીયા (પત્ની)
કેનીલ સંજય સરીયા (પૌત્ર)
સીમા સંજય સરીયા (પુત્રવધૂ)

લિ.
સંજય જયંતિલાલ સરીયા (પુત્ર)

ફર્મ : નેમિનાથ મોટર્સ, ચિલોડા, ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com